દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર

ગુજરાતમિત્ર ૧૬૩ વર્ષ

શુક્રવાર ૨૯ મે, ૨૦૨૬

# યુરોપમાં વહેલી શરૂ થઇ ગયેલી સખત ગરમી સમગ્ર વિશ્વ માટે ચેતવણીરૂપ છે

ભારતમાં તો આ વર્ષે સખત ગરમી નવા નવા વિક્રમો રચી જ રહી છે ત્યારે યુરોપમાંથી પણ અહેવાલો આવવા માંડ્યા છે કે ત્યાં આ વર્ષે સમય કરતા વહેલી સખત ગરમી શરૂ થઇ ગઇ છે. મે મહિનામાં યુરોપિયન દેશોમાં ઉનાળા જામતા પહેલાની વસંત ઋતુનો સમયગાળો હોય છે પરંતુ આ વર્ષે ત્યાં મે મહિનામાં જ સખત ગરમી પડવા માંડી છે. પશ્ચિમ યુરોપના કેટલાક ભાગોમાં વસંતઋતુના હીટવેવનો પ્રકોપ દેખાત યુકેમાં મંગળવારે ૨૪ કલાકમાં બીજી વખત સદી જૂનો તાપમાનનો રેકોર્ડ તૂટ્યો હતો, જેના કારણે સરકારે જીવના જોખમ અંગેની ચેતવણીઓ જાહેર કરવી પડી છે. બ્રિટન અને ફ્રાન્સમાં ગરમીથી રાહત મેળવવા માટે પાણીમાં ગયેલા કેટલાક લોકોના ડૂબી જવાથી મોતના અહેવાલો પણ સામે આવ્યા છે. બ્રિટનની હવામાન સેવા ‘મેટ ઓફિસ’ની નોંધ અનુસાર, લંડનના ક્યૂ ગાર્ડન્સ અને હીથ્રો એરપોર્ટ પર ૩૫ ડિગ્રી સેલ્સિયસ (૯૫ ડિગ્રી ફેરનહીટ) તાપમાન નોંધાયું હતું, જેણે એક દિવસ પહેલા જ ક્યૂ ગાર્ડન્સ ખાતે નોંધાયેલા ૩૪.૮ ડિગ્રી સેલ્સિયસના રેકોર્ડને તોડી નાખ્યો છે. આ કામચલાઉ આંકડાઓએ ૧૯૨૨માં સ્થપાયેલા અને ૧૯૪૪માં ફરી નોંધાયેલા ૩૨.૮ ડિગ્રી સેલ્સિયસના લાંબા સમયના રેકોર્ડને પણ મ્હાત આપી દીધી છે. ૩૦ ડીગ્રી ઉપરનું આ તાપમાન યુરોપના આ વિસ્તારના હિસાબે સખત ગરમી ગણી શકાય. લંડનમાં એક દુર્લભ ટ્રોપિકલ નાઇટ (ઉષ્ણકટિબંધીય રાત્રિ) પણ નોંધાઈ હતી, જે એવી રાત તરીકે વ્યાખ્યાયિત થાય છે જેમાં તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસ (૬૮ ડિગ્રી ફેરનહીટ)થી નીચે નથી જતું. ફ્રાન્સમાં પણ રેકોર્ડ તૂટ્યા હતા, જ્યાં સોમવારે દેશના દક્ષિણ-પશ્ચિમ ભાગમાં તાપમાન ૩૬ ડિગ્રી સેલ્સિયસ (૯૭ ડિગ્રી ફેરનહીટ) સુધી પહોંચી ગયું હતું અને રાત્રિ દરમિયાન પણ મોટાભાગના વિસ્તારોમાં તાપમાન ૨૦ ડિગ્રી સેલ્સિયસથી ઉપર રહ્યું હતું. ત્યાંની રાષ્ટ્રીય હવામાન સેવા ‘મેટિયો-ફ્રાન્સ’એ જણાવ્યું કે, હાઈ-પ્રેશર વેધર ફ્રન્ટને કારણે ગરમી એક જ જગ્યાએ રોકાઈ રહેવાને લીધે હીટ ડોમ સર્જાયો છે, જેના કારણે વર્ષના આ સમયગાળા દરમિયાન સામાન્ય ગણાતા તાપમાન કરતાં ૧૦ ડિગ્રી સેલ્સિયસથી વધુ તાપમાન જોવા મળી રહ્યું છે.

પૃથ્વીના વધી રહેલા તાપમાન (ગ્લોબલ વોર્મિંગ)ને કારણે અણધાર્યું અને ભારે હવામાન વધુ વારંવાર જોવા મળી રહ્યું છે. નિષ્ણાતોનું કહેવું છે કે અભૂતપૂર્વ અને જીવલેણ હવામાનની આ ચરમસીમાઓ, જે ક્યારેક અસામાન્ય સમયે અને અણધારી જગ્યાઓ પર ત્રાટકે છે, તે વધુ લોકોને જોખમમાં મૂકી રહી છે. આયર્લેન્ડની મેનૂથ યુનિવર્સિટીના ‘આ ઈ સી એ આ ર યુ એ સ ક્લાઈમેટ રિસર્ચ સેન્ટર’ના ડાયરેક્ટર પીટર થોર્ને જણાવ્યું હતું કે, આપણે કોઈપણ શંકા વિના જાણીએ છીએ કે ગ્રીનહાઉસ વાયુઓના ઉત્સર્જનને કારણે થતા આબોહવા પરિવર્તનને લીધે આ પ્રકારની ગરમીના મોજાઓની ઘટનાઓ વધુ સંભવિત અને વધુ ગંભીર બની છે. પરંતુ, તેમ છતાં, યુકે અને ફ્રાન્સમાં જે રેકોર્ડ તૂટી રહ્યા છે તે ખરેખર આશ્ચર્યજનક અને આંચકાજનક છે. યુકેમાં મંગળવારે લંડનમાં રોજ મુસાફરી કરતા લોકો એર કન્ડીશનીંગ વગરના સબવેના ડબ્બાઓમાં ગરમીથી અકળાઈ ગયા હતા. યુકે હેલ્થ સિક્યોરિટી એજન્સીએ ગુરુવાર સુધી દેશના મોટા ભાગના વિસ્તારો માટે ‘એમ્બર હેલ્થ એલર્ટ’ જારી કરી છે, જેમાં ખાસ કરીને દિવસના સૌથી ગરમ કલાકો દરમિયાન વૃદ્ધ લોકોના સ્વાસ્થ્ય માટે સંભવિત જોખમની ચેતવણી આપવામાં આવી છે. યુકે સામાન્ય રીતે મધ્યમ તાપમાન માટે ટેવાયેલું છે, અને ત્યાંના ઘણા ઘરો, શાળાઓ અને વ્યવસાયોમાં એર કન્ડીશનીંગ હોતું નથી. સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર, યુકેના તળાવો અને જળાશયોમાં ડૂબી જવાથી ઓછામાં ઓછા ત્રણ કિશોરોના મોત થયા છે અને દક્ષિણ-પશ્ચિમ ઈંગ્લેન્ડમાં દરિયામાં એક ૬૦ વર્ષના વ્યક્તિનું મોત થયું છે. ફ્રેન્ચ સરકારના પ્રવક્તા મૌડ બ્રેજીયને જણાવ્યું હતું કે ઊંચા તાપમાનને કારણે સંભવિત રીતે ઓછામાં ઓછા સાત લોકોના મોત થયાના અહેવાલ છે, જેમાં પાંચ લોકો ડૂબી જવાથી અને બે લોકો રમતગમતની સ્પર્ધાઓ દરમિયાન મૃત્યુ પામ્યા છે.

આ વહેલી આવેલી હીટવેવ ઉનાળાના એ વાર્ષિક સમયગાળા પહેલાં જ ત્રાટકી છે જ્યારે લોકપ્રિય દરિયાકિનારા પર ન્હાવા પડતા લોકોની સુરક્ષા માટે લાઇફગાર્ડ તૈનાત હોય છે, જેના કારણે જોખમ વધી ગયું છે. ત્યાંના પ્રાદેશિક વહીવટકર્તાએ દરિયાકિનારે જનારા લોકોને ભારે સાવચેતી રાખવા અનુરોધ કર્યો છે. આ અકાળે આવેલી ગરમી સ્પેન સુધી પણ પહોંચી ગઈ છે, જ્યાં હવામાન સેવાના પ્રવક્તા રુબેન ડેલ કેમ્પોએ જણાવ્યું હતું કે અત્યારે મે મહિનામાં જ આપણને એવું તાપમાન જોવા મળી રહ્યું છે જે સામાન્ય રીતે આપણે ઉનાળાના મધ્યમાં જોતા હોઈએ છીએ. તેમણે જણાવ્યું કે સેવિલેમાં વીકએન્ડ દરમિયાન તાપમાન ૩૮ ડિગ્રી સેલ્સિયસ પર પહોંચી ગયું હતું, જ્યારે આઇબેરિયન દ્વીપકલ્પના મોટા ભાગના વિસ્તારોમાં તાપમાન સામાન્ય કરતાં ૫ થી ૧૦ ડિગ્રી સેલ્સિયસ વધુ જોવા મળ્યું હતું. યુરોપમાં આ વહેલું સર્જાયેલું ગરમીનું મોજું સમગ્ર વિશ્વ માટે પણ ચેતવણી રૂપ છે. આ ગરમી ભલે કુદરતી પરિબળોને કારણે પણ હોય, પરંતુ નિષ્ણાતોએ ચેતવણી આપી જ છે કે પૃથ્વીના વધી રહેલા તાપમાનને કારણે અણધાર્યું અને ભારે હવામાન વધુ વારંવાર જોવા મળી રહ્યું છે. અને આથી જ અતિ ભયાનક સંજોગો સર્જાય તે પહેલા ગ્લોબલ વોર્મિંગ અંકુશમાં લેવા માટે ગંભીર પ્રયાસો કરવાની જરૂર છે.

## પિતાની પેટી

એક મોટા સરકારી અધિકારી હતા. તેમના પિતા ૯૦ વર્ષના થયા. બીમાર રહેતા હતા.એક દિવસ રવિવારે અધિકારી પિતાની પાસે બેસી તેમને નાસ્તો કરવી રહ્યા હતા ત્યારે તેમણે પિતાને પૂછ્યું, ‘આ તમારી જૂની નાનકડી પેટીમાં તમે શું રાખ્યું છે, જોવા દો મને, જો વસ્તુઓ કામની ન હોય તો આ વર્ષો જૂની તૂટેલી પેટી ફેંકી દઈએ?’ પિતાએ કહ્યું, ‘અરે,મારી પેટી છે. ભલે જૂની હોય તેમાં મારી થોડી કિંમતી વસ્તુઓ છે. ફેંકવાની તો વાત દૂર કોઈએ હાથ પણ લગાડવાનો નથી.’

સરકારી અધિકારીએ વિચાર્યું, ‘ભલે હશે. પપ્પાની કોઈ નાની મોટી સોના ચાંદીની વસ્તુ ભલે તેમને મમત છે તો મારે જીદ કરવી નથી.’ થોડા દિવસો વીત્યા. પેટીની વાત ભૂલાઈ ગઈ.

એક દિવસ સવારે બીમાર પિતા રાત્રે સૂતા સવારે ઊઠ્યા જ નહિ.એક સાંજે પિતાને યાદ કરતા અધિકારી પોતે પિતાની રૂમમાં ગયા અને તેમના ખાટલા પર બેસીને તેમની જૂની જૂની યાદો યાદ કરતા હતા કે પિતા ગામડામાં ખભે બેસાડી શાળામાં મૂકવા આવતાં અને મેળો જોવા લઇ જતા. દરેક રીઝલ્ટ વખતે લાડુ વહેંચતા.અચાનક અધિકારીની

**ચાર્જિંગ પોઈન્ટ**

**હેતા ભૂષણ**

નજર તેમના પિતાની પેલી પેટી પર ગઈ. તરત એમણે પેલી પેટી હાથમાં લીધી કે જોવા દે આમાં મારા પિતાની કઈ કિંમતી વસ્તુઓ છે.

પેટી ખોલતાં જ તેમની આંખો વરસી પડી.પેટીમાં પિતાની થોડી યુવાનીની યાદો, મા નો ફોટો હતો અને અધિકારીના નાનપણના ફોટા, શાળા અને કોલેજના રિઝલ્ટ, મેડલ અને સર્ટીફીકેટ, ઝભલાથી લઈને યુનિફોર્મ સુધી ઘણી નાની મોટી યાદો હતી. એક નહિ પણ ત્રણ ત્રણ ડાયરી હતી, જેમાં દરેક પાનાં પર પિતાએ પોતાના દીકરાના જન્મથી તે મોટો થયો, અધિકારી બન્યો, લગ્ન થયા ત્યાં સુધીની દરેક મહત્ત્વની યાદો તારીખ વાર સમય અને વર્ણન સાથે લખી હતી. પહેલો દાંત ફૂટયો, ચાલતાં ક્યારે શીખ્યો,પહેલો જન્મદિન, પહેલો શાળાનો દિન વગેરે બધા વિષે અત્યારે અધિકારી બનેલા પુત્રને યાદ પણ ન હોય તે બધું પિતાએ ચીવટથી લખ્યું અને જાળવ્યું હતું. પિતા બહુ ભણેલા ન હતા. માંડ આઠમી સુધી ભણ્યા હશે, પણ તેમણે પુત્રને બહુ ભણાવી મોટો માણસ બનાવવાનું સપનું જોયું હતું તે પણ લખ્યું હતું કે ભલે મારી પાસે પૈસા નથી પણ હું દિન રાત મજૂરી કરીને પણ નાનકાને બહુ ભણાવી મોટો માણસ બનાવીશ.પિતાને યાદો સાથે દરેક પાને ભગવાનને પ્રાર્થના લખી હતી કે મારા દીકરાને જાળવજે ,તેને આશિષ આપજે, મારા પુણ્યનું ફળ તેને આપજે વગેરે વગેરે. અધિકારી કલાકો સુધી આ બધું વાંચતા રહ્યા અને તેમની આંખોમાંથી આંસુ વહી રહ્યા કે મારા પિતા માટે સૌથી કિંમતી હું હતો અને મારી દરેક સફળતા મારી હોશિયારી નહિ પણ મારા પિતાના સતત વરસતા આશિષ હતા. અધિકારીએ આ પેટી સંભાળીને મૂકી અને તે રૂમમાં પિતાનાં ચશ્માં,તેમનો ગ્લાસ, તેમનો રૂમાલ જેવી પિતાની જેટલી યાદો હતી તે પણ સમેટીને મૂકી. આવી પેટી દરેક પિતાએ બનાવી હોય કે ન હોય તેમના દિલમાં આવી પેટી અચૂક હોય છે, જેમાં પોતાનાં સંતાનોની યાદો અને તેમના માટે પારાવાર પ્રેમ અને આશિષ ભર્યા હોય છે.

# એક મૃત દીકરી હોવા કરતાં એક છૂટાછેડા લીધેલી દીકરી હોવી વધુ સારું છે

૨૧મી સદીમાં પણ દીકરીઓનાં અપમૃત્યુના સમાચાર ઓછા થતા નથી. મહિલાઓમાં સાક્ષરતાનું પ્રમાણ ૭૪.૬ ટકા અને ઉચ્ચ શિક્ષણમાં ૩૦ ટકા સુધી પહોંચ્યું છે પણ ભણેલી ગણેલી દીકરીઓની પણ સાસરિયાં દ્વારા હત્યા થાય અથવા તો આત્મહત્યા માટે મજબુર થાય એવી પરિસ્થિતિનું નિર્માણ થતું જ રહે છે. શિક્ષણથી ઘરેલું હિંસા બંધ નથી થઈ, કારણકે દીકરીઓને તો એવું જ શીખવવામાં આવે છે કે જિંદગીનું અંતિમ ધ્યેય તો લગ્ન જ છે. આત્મસન્માનના ભોગે પણ લગ્નને ટકાવી રાખવા જ ‘સંસ્કાર’ગણાય! આવું જ હાલમાં દેશભરમાં ચર્ચા ઊભી કરનાર ત્વિષા શર્માના કેસમાં જોવા મળી રહ્યું છે. માતા-પિતા જેને હત્યા કહે છે એને સાસરિયાં આત્મહત્યામાં ખપાવવાનો પ્રયત્ન કરી રહ્યાં છે. હકીકત જે હોય એ, સત્ય એ છે કે એક આશાસ્પદ દીકરીનો સમાજનાં જડ મૂલ્યોએ ભોગ લીધો - સાસરિયાંઓએ માનસિક ત્રાસ આપીને અને માતા-પિતાએ ‘પડ્યું પાનું નિભાવી’ની વૃત્તિ રાખીને. ૩૩ વર્ષની ત્વિષા, ૧૨ મેની રાત્રે ભોપાલ સ્થિત તેના સાસરિયાંના ઘરે મૃત હાલતમાં મળી આવી. એમ.બી.એ.ની ડીગ્રી ધરાવતી, સાથે અભિનેત્રી-મોડેલિંગનું કામ કરી ચૂકેલી ત્વિષાનાં લગ્ન હજુ ૨૫ ડિસેમ્બરે જ સમર્થસિંહ સાથે થયાં હતાં. પતિ વ્યવસાયે વકીલ અને સાસુ જિલ્લા કચેરીમાં ન્યાયાધીશ રહી ચૂક્યાં હોય એવો પરિવાર. એટલે કુટુંબને ભણેલું ગણેલું તો કહી શકાય. લગ્ન કરાવતી વખતે મા-બાપે પણ કદાચ એ જ જોયું હશે. પણ શું એનાથી એમની માનસિકતામાં સુધાર આવ્યો? ત્વિષાનાં માતા-પિતાએ સમર્થસિંહ અને તેમની માતા ગિરિબાલા સામે માનસિક હેરાનગતિ તથા આર્થિક માંગણીઓના આક્ષેપો કર્યા છે જે કારણે ત્વિષા અનેક વાર પિયર પાછી પણ આવી હતી! સામે ડિસ્ટ્રીક્ટ જજ રહી ચૂકેલાં ગિરિબાલા સિંઘે મીડિયાને ઈન્ટરવ્યુ આપવાનું શરૂ કર્યું, જેમાં ત્વિષાના ચારિત્ર્ય અંગે ગંભીર ટીપ્પણી કરી. ત્વિષાને સીઝોફ્રેનીયા અને બે વ્યક્તિત્વ ધરાવનાર જેવી માનસિક બીમારીથી પીડાતી વ્યક્તિ ગણાવવાથી શરૂ કરીને એના લગ્નેતર સંબંધ, ગર્ભાવસ્થા દરમિયાન પણ નશીલા પદાર્થોનું સેવન કરનાર, ગર્ભપાત કરાવી તેમનાં દાદા-દાદી બનવાનો આનંદ છીનવી લેનાર, રહસ્યમય ગાડી અને ફ્લેટ ધરાવનાર, જેવા એકેય આક્ષેપો બાકી ના રાખ્યા. તેમણે એવી પણ ધારણા વહેતી કરી કે ત્વિષાનાં માતા-પિતાએ બાળપણથી જ તેને ગ્લેમર ઉદ્યોગમાં ધકેલી દીધી, એનું આર્થિક શોષણ કર્યું અને પિતા ફાર્માસ્યુટિકલ ઉદ્યોગમાં કામ કરતા હતા એટલે શક્ય છે કે પોતાની દીકરીને જ નશીલા પદાર્થો આપતા હોય! એમનું તારણ એ હતું કે ત્વિષા ‘ઉદારવાદી વિચારો’ ધરાવતી હતી અને તે પ્રાર્થના પણ કરતી નહોતી!!! બોલો, છે ને એક સ્ત્રીને ચરિત્રહીન ચીતરવા માટે પૂરતો મસાલો? પછી, ત્વિષા કયાં અને કેવી રીતે મૃત્યુ પામી એ અંગે જવાબ આપવાની જરૂર કયાં રહી? સમર્થ સિંહ શા માટે ભાગતો ફરતો હતો? પોલીસ ત્વિષાનાં મા-બાપની ફરિયાદ કેમ નો’તી લેતી? આ પ્રશ્નો તો ગૌણ બની ગયા!

## કહેવાની વાત

**નેહા શાહ**

**શિક્ષણથી ઘરેલું હિંસા બંધ નથી થઈ, કારણકે દીકરીઓને તો એવું જ શીખવવામાં આવે છે કે જિંદગીનું અંતિમ ધ્યેય તો લગ્ન જ છે**

કોઈ પણ સ્ત્રી આજ્ઞાકારી, શાંત અને ઘરેલુ હોવાની આદર્શ છબીમાં બંધબેસતી ના હોય તો વાંક એ સ્ત્રીનો જ ગણાય એવું સાબિત કરવું હજુ પણ સહેલું છે એ ગિરિબાલા સિંહ બરાબર સમજે છે, અને મૃત વ્યક્તિ હવે બચાવ કરવા આવવાની પણ નથી. ‘ઘર’ અને ‘કુટુંબ’ સલામતીના પર્યાય હોવા જોઈએ. પણ, દુર્ભાગ્યે ઘણી સ્ત્રીઓ માટે આ વાત સાચી નથી. ઘરેલું હિંસા ભયાનક સ્વરૂપે વ્યાપક છે જે ઘણી વાર હત્યા કે આત્મહત્યામાં પરિણમે છે. ત્વિષા ઉપરાંત નોઈડાની દીપિકા નાગર, નાગપુરની એક નવોઢા, લખનૌની શ્વેતા સિંહ, બેન્ગ્લુરુની લક્ષ્મી પ્રિયા, બિજનોરની ગુલસિતાં.... આ તો માત્ર મે - ૨૦૨૬માં જેમનાં અપમૃત્યુની વર્તમાનપત્રોએ નોંધ લીધી હોય એવા કિસ્સા છે. ૨૦૨૪માં ૨૨૧૧૩ ગૃહિણીઓએ આત્મહત્યા કરી, ૫૭૩૭ સ્ત્રીઓની દહેજ માટે હત્યા થઈ, ૧૫૪૮૯ સ્ત્રીઓએ દહેજ માટે સતામણીની ફરિયાદ કરી. બહુ જ ઓછી સ્ત્રીઓ પોતાના પતિ અને સાસરિયાંઓ સામે પોલીસ ફરિયાદ નોંધાવે છે એટલે પ્રશ્નની ગંભીરતા આ આંકડામાં દેખાય છે એનાથી ઘણી વધારે છે. સામાજિક દબાણ હેઠળ દીકરીને સાસરે પાછી વળવાનું કહેનાર મા-બાપે આ વાત સમજવી પડશે. સાસરિયામાં નવાં કુટુંબીજનો સાથે ગોઠવાવા માટે દાળ-શાકના સ્વાદનો ફરક સ્વીકારવો પડે પણ, આત્મસન્માન સાથે બાંધછોડ ના થાય એટલો વિશ્વાસ તો દીકરીને આપવો જ પડે. ગિરિબાલા સિંહ થોડો અતિરેક કરી ગયાં. સ્ત્રીવિરોધી નિવેદનો કરી મીડિયાને એમણે ખૂબ મસાલો આપ્યો અને મીડિયા ટ્રાયલ શરૂ થઇ ગયું. ડિસ્ટ્રીક્ટ જજ રહી ચૂકેલી વ્યક્તિની જો આ માનસિકતા હોય અને એ જો કેસને અવરોધવાનો પ્રયત્ન કરતી હોય તો એમને એમના કાર્યકાળ દરમ્યાન કેવા ચુકાદા આપ્યા હશે એવો સવાલ તો થાય. કદાચ એટલે જ સુપ્રીમ કોર્ટનું પણ કેસ તરફ ધ્યાન ગયું અને કોર્ટે સુઓ મોટો નોંધ લીધી. સોમવારે જ્યારે આ કેસની સુનાવણી સુપ્રીમ કોર્ટમાં થઇ ત્યારે સરકાર તરફથી સોલીસીટર જનરલ તુષાર મહેતાએ જે કહ્યું એ જ આ કેસનો નૈતિક સાર છે કે - “એક મૃત દીકરી હોવા કરતાં એક છૂટાછેડા લીધેલી દીકરી હોવી વધુ સારું છે!”

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

# સરકારના બિન-ઉત્પાદક ખર્ચા (મોજશોખ) પ્રજાને મોંઘા પડે છે

સમાજશાસ્ત્ર અને ભૌતિક વિજ્ઞાનનો મોટો ફરક એ છે કે સમાજશાસ્ત્રના નિયમો સમજે. સમાજે અને સમયે સમયે જુદા હોય છે. એક જ નિયમ બધે બધાને લાગુ પડતો નથી. અર્થશાસ્ત્રમાં પાયાના સિધ્ધાંતો આપનારા અર્થશાસ્ત્રીઓએ કીધું કે જે વ્યક્તિ માટે સાચું છે તે જ દેશ માટે સાચું છે પણ જયારે કલ્યાણલક્ષી અને સામુહિક ખર્ચ આવકના જાહેર અર્થવિધાનની વાત આવી ત્યારે અર્થશાસ્ત્રીઓ બોલ્યા કે જે વ્યક્તિ માટે સાચું હોય એ દેશ માટે સાચું ના પણ હોય.મતલબ કે એક નિયમ વ્યક્તિ માટે પણ સાચો અને દેશ માટે પણ સાચો અને બીજા નિયમમાં વ્યક્તિ માટે જે સાચું તે દેશ માટે સાચું નહિ.જેમ કે સાધનોની અછત છે માટે તે કરકસરપૂર્વક વાપરવાં જોઈએ. આ વાત વ્યક્તિ અને દેશ બંને માટે સાચી પણ વ્યક્તિ ભૂખી હોય તો એને અપવાસ કરવાનું કહી શકાય. દેશમાં અનાજની અછત હોય તો દેશ આખાને ઉપવાસ કરવાનું ના કહી શકાય.

માટે જ, જાહેર અર્થશાસ્ત્રના નિયમો જુદા ઘડાયા. જાહેર સત્તાઓ દ્વારા જે ખર્ચ થાય છે તેની વ્યાપક અસર થાય છે. પ્રજાના કરવેરાના નાણાંનો દુરુપયોગ ના થવો જોઈએ. પ્રજાએ જેમને સત્તામાં બેસાડ્યા છે તેમણે પ્રજાના રૂપિયાનો માત્ર કરકસરપૂર્વક ઉપયોગ નથી કરવાનો. તેનો પ્રજાના વ્યાપક કલ્યાણને ધ્યાનમાં રાખીને ઉપયોગ કરવાનો છે. લાંબા ગાળાના લાભને જોઈને ઉપયોગ કરવાનો છે અને આ માપદંડ મુજબ જોઈએ તો અત્યારે ભારતમાં સરકાર દ્વારા જે ખર્ચ થાય છે તે ફેરવિચાર માંગી લે છે. એ પછી સ્માર્ટ સીટી પાછળ થતા ખર્ચા હોય, બી. આર. ટી. એસ. પાછળ થતા ખર્ચ હોય, ટેબ્લેટ વિતરણ માટે થતા ખર્ચ હોય...

વ્યક્તિ જયારે નિર્ણય કરે છે ત્યારે તેની અસર માત્ર તેના પોતાના પૂરતી મર્યાદિત હોય છે. વ્યક્તિના ખોટા નિર્ણયનો ભોગ માત્ર તે અને તેનું કુટુંબ બને છે પણ જાહેર સત્તા પર બેઠેલા માણસો જયારે ખોટા નિર્ણય લે છે ત્યારે એનો ભોગ આખો સમાજ બને છે અને જો આ આર્થિક નિર્ણય હોય મોટા ખર્ચનો નિર્ણય હોય તો તેની અસર લાંબા ગાળા સુધી પડે છે.

Uk માં ૧૮૯૧ થી ૧૯૫૫ સુધી સરકારે કરેલા જાહેર ખર્ચની અસર તપાસનાર વાઈસ્મેન પીકોક નામના અર્થશાસ્ત્રીએ સરકારના જાહેર ખર્ચની અસર તપાસવાનો પ્રયત્ન કર્યો હતો અને સંશોધનમાં તેમણે એ પણ જોયું હતું કે સરકારના ખર્ચની ખાનગી ક્ષેત્ર પર અસર કેવી થાય છે. અર્થશાસ્ત્રમાં વર્ષો સુધી પ્લીસ અસરની ચર્ચાઓ થતી હતી. હવે અચાનક જ ભારતમાં તે બંધ થઈ ગઈ છે.પ્લીસ અસર એટલે મહેરબાની અસર ..સરકાર દેશમાં પરજ પર મહેરબાની કરવા જે બેફામ ખર્ચ કરે છે તેના લાભ અને ગેરલાભ તપાસવા જોઈએ કારણ કે અર્થતંત્રમાં સાધનોની અછત છે.સાધનો વૈકલ્પિક ઉપયોગ ધરાવે છે માટે જો એક બાબત માટે તે વપરાશે તો બીજા માટે તે ખૂટી પડશે. સરકાર પ્રજા પાસે થઈ કરવેરા

## રાજ કાજ ગુજરાત

**કાર્તિકેય ભટ્ટ**

**સરકાર પ્રજા પાસે થઈ કરવેરા સ્વરૂપે કે દેવા સ્વરૂપે જે નાણાં અને મૂડી ઉઘરાવશે તે ખાનગી ક્ષેત્રને નહિ મળે જે મહેરબાની અસર છે**

સ્વરૂપે કે દેવા સ્વરૂપે જે નાણાં અને મૂડી ઉઘરાવશે તે ખાનગી ક્ષેત્રને નહિ મળે જે મહેરબાની અસર છે.જેમકે દેશમાં સિમેન્ટનું ઉત્પાદન જરૂર કરતાં ઓછું છે. તેની અછત છે. હવે સરકાર પોતાના પ્રોજેક્ટ માટે સિમેન્ટ મોટા પાયે વાપરે તો ખાનગી ક્ષેત્રમાં ઘરો બનાવવામાં તે વપરાતા સિમેન્ટની અછત ઊભી થાય અને ભાવ વધે. વીજળીનું ઉત્પાદન ઓછું હોય અને ઉદ્યોગ ધંધા માટે, ખેતી માટે પણ પૂરું ના પડતું હોય ત્યારે આ વીજળી સરકાર ક્રિકેટ મેચ માટે આઈપીએલની ટુર્નામેન્ટ માટે વાપરવા દે તો ઉદ્યોગ અને ખેતીને વીજળી નહિ મળે. સરકાર પાસે મૂડી ઓછી છે અને આ મૂડી જો સ્માર્ટ સીટી બનાવવામાં વપરાશે તો સ્કૂલો, કોલેજો, દવાખાના માટે નહિ વપરાય. સરકારો આજે પોતાને વિકાસ કરનારી દેખાડવા માટે દેખાય તેવા વિકાસ પર ધ્યાન આપે છે. પોસ્ટરો અને જાહેરાતો ઉત્સવો અને રોડ શો પર ખર્ચા કરે છે. આ સરકારનો મોજશોખ છે. આપણે બુલેટ ટ્રેન કે મેટ્રો રેલના વિરોધી નથી પણ આ વિદેશી ટેક્નોલોજી અને વિદેશી કંપનીઓ દ્વારા અબજો રૂપિયાના ખર્ચે બનનારી ટ્રેન આપણને પોષાય એમ છે તે વિચારણનો પ્રશ્ન છે. આપણે પાયાનું આંતર મૂડી માળખું ગામડાંઓ સુધી પહોંચાડવાનું બાકી છે ત્યારે આ ખર્ચ યોગ્ય નથી. એક તરફ પ્રધાન મંત્રી આપણને ગેસની સબસીડી છોડવાની વાત કરે છે તો બીજી તરફ રાજ્યો મફતના ભાવે લેપટોપ અને ટેબ્લેટ વહેંચે છે. સરકારના આ જાહેર ખર્ચ સરકારની વાહવાહી માટે છે અને સરકારનો આ મોજશોખ આપણને બહુ મોંઘો પડવાનો છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે

# ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

### કુદરતની રચનાઓમાં પણ અસમાનતા જોવા મળે છે

આપણે માનવોમાં અમીર ગરીબ, ઊંચ નીચ તેમજ અન્ય રીતની અસમાનતાઓ જોઈએ છીએ, તે જ રીતે કુદરતી તત્વોમાં પણ દેખાવ સુંદરતા અને ગુણની બાબતમાં ઉચ્ચ નીચ કે અસમાનતા જોવા મળે છે.જેમ કે કુદરએ ફૂલો તો બનાવ્યા છે પરંતુ તેમાં પણ અસમાનતા છે. ગુલાબ. મોગરો, ગલગોટો જેવા ફૂલો દેખાવમાં સુંદર હોવા સાથે સુગંધી હોય છે, જ્યારે કરણ બારમાસી જેવા ફૂલો માત્ર દેખાવે સુંદર હોય છે તેમાં સુગંધ હોતી નથી.નદીઓમાં ગંગા નદીનું જે મહાત્વ છે તેવું સામાન્ય કક્ષાની નદીઓમાં નથી.પર્વતોમાં હિમાલય ઉચ્ચ છે જયારે કેટલાક પર્વતો માત્ર ટેકરીઓ છે જેનું કોઈ મહત્વ નથી.વાદળોમાં પાણી વગરનાં ખાલી વાદળી જે સફેદ રૂ જેવા હોય છે તેનું પાણીથી ભરેલા કાળા વાદળો આગળ કોઈ મહત્વ નથી. ગંગાજળ આગળ દરિયાના ખારા પાણીનું કોઈ મહત્વ નથી.ઉચ્ચ સ્થાને બિરાજતા વડના વૃક્ષ આગળ કાંટાળું બાવળનું વૃક્ષ કોઈ મહત્વ ધરાવતું નથી.તે જ રીતે વનસ્પતિમાં તુલસી અને મોર ખાણમાં સોનાની ખાણ અને સામાન્ય ખીણ, રસ્તામાં નેશનલ હાઈવે અને પથરાળો ગ્રામ્ય રસ્તો,પ્રાણીઓમાં વોડો અને ગધેડો પક્ષીઓમાં મોર અને કાગડો કીટકોમાં આગીયો અને માખી,કેમિકલમાં પેટ્રોલ અને ડીઝલ. પ્રવાહીમાં દૂધ અને છાશ,ફળોમાં કેરી અને કોઠું, ઋતુમાં વસંત અને પાનખર, આમ, દરેકમાં ચઢતું ઉત્તરતું જોવા મળે છે. આ કુદરતી છે. પરંતુ આ ઓળખ માનવે બનાવેલી છે. કુદરતી તત્વોને તેનો ખ્યાલ નથી. પરંતુ દરેકમાં સમાનતા હોય તેવું કુદરતી વલણ જ નથી. એટલે આપણને પણ કુદરતે જ બનાવેલા છે એટલે આપણે જેવા છીએ તેમાં ખુશ રહીએ. કોઈ સાથે સરખામણી કરી દુઃખી ના થઈએ.

**સુરત - પ્રવિણ પરમાર**

### ઈંધણ ના ભાવ નિયંત્રણ જરૂરી

અઠવાડિયામાં ત્રણ વખત પેટ્રોલ ડીઝલ માં અસહ્ય વધારો થયો. સામાન્ય અને નિમ્ન મધ્યમ વર્ગના લોકોની આવક- જાવકનું સરવૈયું માત્ર ખોરવાઈ નથી ગયું પણ ભાગીને ભૂક્કો થઈ ગયું છે. નાણામંત્રી ને તાત્કાલિક અસરથી બદલવાની જરૂર છે. રીઝર્વ બેન્ક દ્વારા જે ૨.૮૯ લાખ કરોડ નું ભંડોળ ડીવીડંડ રૂપે આપવામાં આવ્યું છે તે સામાન્ય નાગરિક ની આંતરડી કકળી ને બેંકોએ ભેગું કરેલું છે તેનો ઉપયોગ ટેક્ષ પેયર તથા,સેસ, સરચાર્જ વિગેરે વિગેરે અન્ય ચાર્જ વગેરે ની ફલશ્રુતિ છે તેનો ઉપયોગ તેઓના કલ્યાણ માટે જ કરવો જોઈએ, નહીં કે છાશવારે કરવામાં આવતા સરકારી તાયફાઓના કાર્યક્રમ દ્વારા ઊડાડી દેવા માટે. ‘ તેરા તુજકો અર્પણ કયા લાગે મેરા.’એ ઉક્તિ સાર્થક કરવા નો આ સમય છે. દરેક રાજ્યના મુખ્યમંત્રી એ ઈંધણ પરના સેસ,ટેક્ષ, વેટ કે એક્સાઈઝ ડ્યુટી યુદ્ધનાં ધોરણે ઘટાડી દેવા જોઈએ.તો જ ભાવ વધારો રોકી શકાશે.

**સુરત - રમેશચંદ્ર એન.જોષી**

### નવસારીમાં જળઆયોજનને સર્વોચ્ચ અગ્રતા જરૂરી

નવસારી મનપા /શહેરને તાજેતરમાં તેનાં પ્રથમ મેયર/ બીજા કમિશ્નર મળ્યાં છે . નવસારી મનપા બન્યા પછી રોડ રસ્તા, ગટરલાઈન , શેરી લાઈટ વિ. ના કામોમાં ઝડપ આવી છે, જે આવકારદાયક છે. સરકાર નવસારીને સુરતના જોડિયા શહેર તરીકે વિકસાવવાની નેમ ધરાવે છે. જો ખરેખર એમ હોય તો નવસારી માટે જળઆયોજન પણ સુરતના ધોરણે થાય એ આવશ્યક છે. હાલમાં નવસારી જળ પૂરવઠા માટે મુખ્યત્વે નહેરના પાણી અને સંચય માટે દુધિયા તળાવ પર આધાર રાખે છે, જે ઘણી વાર તળ શહેરનાં રહેવાસીઓ માટે પણ અપૂરતું થઈ પડે છે. નવસારી મનપા બન્યા પછી બહારના (ઉદા . તરીકે છાપરા રોડ) પર પાણી માટેની પાઈપલાઈનો નાખવામાં આવી છે પરંતુ તેમાં ‘નલ સે જલ’ આવવાનું હજી એકાદ વર્ષ પછી પણ બાકી છે. નવસારી મનપામાં નવા સમાવિષ્ટ મોટા ભાગનાં ગામો (છાપરા, હાંસાપોર, એરુ, ઈટાળવા વિ.) તળાવો ધરાવે છે જેમને ઊંડા અને વિસ્તૃત કરી તેમનો જળ સંચય માટે ઉપયોગ કરી શકાય અને તેમની નજીકમાં પાણીની ટાંકીઓ ઊભી કરી કે પાઈપલાઈન નાંખી સ્થાનિક ધોરણે રહેવાસીઓને પાણી પૂરું પાડી શકાય. ટૂંકમાં ઝડપથી વિકસતા અને વિકાસની ભરપૂર ગુંજાઈશ ધરાવતા નવસારી શહેરમાં જળ આયોજનને સર્વોચ્ચ અગ્રતા આપવી અત્યંત આવશ્યક છે. આશા છે, આ સંદેશ લાગતાવળગતા સત્તાધિશો ધ્વારા સકારાત્મક રીતે ઝીલાશે.

**- કમલેશ આર મોદી**

### ગુજરાત ગેસ કંપની તરફથી મીટર રીડિંગ માટે કર્મચારી મોકલવા બાબત

સને 2006 મા સુરત મા દરેક વિસ્તારોમાં પાણી ભરાઇ જવા છતાં ગુજરાત ગેસ કંપની ની સેવા અવિરત ચાલુ હતી. બીજી બધી સેવા ને અસર પહોંચી હતી પણ ગેસ સેવા ને અસર પહોંચી ન હતી આમ ગુજરાત ગેસ કંપની ની કામગીરી ની નોંધ લેવામાં આવી હતી. અડાજણ વિસ્તારમાં છેલ્લા કેટલાક સમયથી મીટર રીડિંગ માટે કોઈ કર્મચારી આવતા નથી જેથી એકસાથે બીલ આપવામા આવશે તો રહીશોને ખુબ જ મુશ્કેલી ઉભી થશે માટે તાત્કાલિક મીટર રીડિંગ લેવા માટે જરૂરી વ્યવસ્થા કંપની તરફથી કરવામાં આવે એવી વિનંતિ કરવામાં આવે છે.

**સુરત - ચંદ્રકાંત રાણા**

### જંક ફૂડનો વ્યાપ અને જોખમાતું બાળપણ

આધુનિક યુગમાં બદલાતા પ્રવાહ સાથે માનવીની જીવનશૈલી પણ બદલાતી રહી છે.વિચાર કાર્યપદ્ધતિ તથા ખાનપાનની શૈલીમાં પણ ફેરફાર જોવા મળે છે.હરીફાઈ અને ભાગદોડના યુગમાં બાળકને યોગ્ય પોષણમય આહાર પ્રાપ્ત થાય છે ખરો? આજનું બાળક આવતીકાલનું ભવિષ્ય છે. પરંતુ બાળક સ્વસ્થ. વિચારશીલ અને પ્રવૃતિમય છે ખરું? લંચ બોક્સમાં આવતાં શાક રોટલીનાં સ્થાને આજે જંક ફૂડ ( પીઝા. બર્ગર. નૂડલ્સ. સેન્ડવીચ) આવતાં થઈ ગયા છે.જે માત્ર સ્વાદ પૂરતો સીમિત નથી પરંતુ પેઢીના સ્વાસ્થ માટે એક ગંભીર સમસ્યા બની ગઈ છે જંક ફૂડનાં અમર્યાદિત વેચાણમાં ટીવી. સોશિયલ મીડિયા અને બાળકનું દેખીતું અનુકરણ સવિશેષ અસર કરે છે. પોષ્ટિક આહારની સામે જંકફૂડ માંથી પ્રાપ્ત થતું પોષણથી વિધાર્થીના શારીરિક અને માનસિક સ્વસ્થ પણ હાનિકારક અસર થાય છે. કારણ કે જંકફૂડમાં વિટામિન. પ્રોટીન તથા પોષકતત્વોનો અભાવ જોવા મળે છે. વિધાર્થી જીવનમાં આવતા થાક.બેચેની . તણાવ તથા એટેકની પાછળનું કારણ ચોક્કસ જંકફૂડ નું વધુ સેવન છે.

“ પહેલું સુખ તે જાતે નર્યા” કહેવતને પુરવાર કરવા તથા સમસ્યાના કાયમી સમાધાન માટે વાલી. શાળા તથા ઉત્પાદક વયજૂથનાં સંયુકત પ્રયાસ તથા બાળકનો ખોરાક પ્રત્યેનો હકારાત્મક અભિગમથી સમસ્યાનો અંત લાવી શકાય છે વાલી તથા શાળાકીય ક્ષેત્રે માત્રને માત્ર પોષ્ટિક આહાર જ આપવું અને લાવવુંનાં કડક પાલનથી સમસ્યાનો ઇચ્છિત અંત લાવી શકાય છે તેથી જ કહી શકાય, “ સ્વસ્થ બાળક તંદુરસ્ત અને વિકાસમય ભારત”

**નવસારી - વિરલકુમાર ટંડેલ**